



પાર્કિંગથી ઘેરાયુ સેક્ટર-૧૭ : એક્ઝિબિશન સેન્ટરના છેલ્લા ત્રણ દિવસથી આરંભાયેલ પ્લાસ્ટ ઈન્ડિયા એક્ઝિબિશનના પગલે સેક્ટર-૧૭ના રહીશો ભારે હાલાકીમાં મુકાયા છે... સેક્ટરના તમામ પ્રવેશ દ્વારો, રીંગરોડ, આંતરિક માર્ગો, અને ઘરઆંગણાની ખુલ્લી જગ્યાઓમાં આડેધડ પાર્કિંગ કરાતા ઘરે આવનજાવનની પણ સમસ્યા સર્જાય છે... સેક્ટરના વસાહતીઓ પોતાના વાહન લઈને બહાર નીકળી શકતા જ નથી... અને એ જ રીતે બહારથી આવતા ઘરના મહેમાનોને પણ પાર્કિંગથી ભારે મુંઝવણ અનુભવાય છે... હવે સેક્ટર-૧૭માં મકાન સ્વીકારવા કોઈ તૈયાર નહિ થાય એવી સ્થિતિ સર્જાઈ રહી છે... દર મહિને - બે મહિને એક્ઝિબિશન સેન્ટરમાં કાર્યક્રમો ચાલતા જ રહેશે અને આ હાલાકી પણ કાયમી બની જશે... આટલા મોટા રાષ્ટ્રીય કક્ષાના એક્ઝિબિશન સેન્ટરના નિર્માણ સમયે પાર્કિંગનો વિચાર ન સત્તાવાહકોને આવ્યો એ કમનસીબ બાબત છે...

# તાલુકા પંચાયતની ૩૫ બેઠકોની ચકાસણી કાર્ય સંપન્ન : એકમાં વિવાદ

## વડોદરા બેઠક પર ભાજપે કોંગ્રેસના ઉમેદવારને બે થી વધુ સંતાન હોવાનું જણાવી વાંધો લીધો : ૩૫ બેઠક માટે ૮૩ ઉમેદવાર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠકોની સામાન્ય ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણી દરમ્યાન ૩૫ બેઠકોની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે જ્યારે વડોદરા બેઠક પર ભાજપના ઉમેદવાર દ્વારા લેવાયેલ વાંધા અંગેનો ચુકાદો રાત્રે ૭.૪૫ સુધી ના આવતાં ચિત્ર પુરેપુરૂ સ્પષ્ટ થયુ છે.

આ તાલુકા પંચાયતની ૩૫ બેઠકોની ચકાસણીને અંતે ૮૩ ઉમેદવારો મેદાનમાં છે. શનિવાર એ ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે.

જે ચિત્ર સ્પષ્ટ થયુ છે તેમાં ૩૫ ભાજપના ૩૫ કોંગ્રેસના તેમજ ૧૨ અપક્ષ અને એક બસપાના ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. આજે સવારે ૧૨ વાગ્યાથી ઉમેદવારીપત્રોની ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને બે કલાકમાં ૩૫ બેઠકોની ચકાસણી સંપન્ન થઈ જવા પામી હતી.

૩૨, વડોદરા બેઠક માટે ભાજપના ઉમેદવારે કોંગ્રેસના ઉમેદવારને બે થી વધુ સંતાનો હોવાની લેખિતમાં અરજી આપી વાંધો લીધો હતો. આથી ચૂંટણી અધિકારી વ તાલુકા વિકાસ અધિકારી સુશ્રી જહાનવીબેન પટેલે આ અરજીનો ધ્યાને લઈ અરજદારને તે અંગેના પુરાવા રજુ કરવા જણાવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે ભાજપ દ્વારા પુરાવા રજુ થયા નથી જ્યારે કોંગ્રેસના ઉમેદવારે તેની

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બેવડી ઋતુનો અનુભવ

## દિવસે આકરા તડકાના કારણે ગરમી અનુભવાય છે જ્યારે રાત્રે સ્વેટર પહેરવુ પડે તેવી ઠંડી

ગાંધીનગર, તા. ૯

શિયાળાની વિદાય ટાણે શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડી અનુભવાઈ રહી છે. રાત્રે હજુ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી ઠંડી પડે છે. ફેબ્રુઆરી માસના પ્રારંભે ઠંડીએ જાણે ફરી જોર પકડ્યુ હતુ. માવઠા જેવા વાતાવરણને કારણે ઠંડી વધી હતી. છેલ્લા કેટલાક દિવસો શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. દિવસે ખુબ આકરો તડકો પડે છે. તડકાના કારણે સારી એવી ગરમી અનુભવાય છે. દિવસે પંખા ચલાવવા પડે તેવુ વાતાવરણ સર્જાયુ છે. તડકામાં તો ઉભા રહેવાય નહી તેવી ગરમી લાગે છે. જો કે સાંજ પડતા જ વાતાવરણમાં જાણે અચાનક જ પલ્ટો આવી જાય છે. વાતાવરણમાં ઠંડક પ્રસરવા માંડે છે. ક્યારેક પવન હોય તો ઠંડી વધુ અનુભવાય છે. દ્વિચક્રી વાહન પર બહાર નીકળતા ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. બેવડી ઋતુના કારણે શરદી-ખાંસી અને તાવના દર્દીઓમાં વધારો થયો છે.

# આગામી ચોમાસામાં રોપાઓની વાવણી માટે ૨૦ હજાર ખાડા કરાયા

## નવા રોપાઓની વાવણી પુર્વે નવી ફેન્સીંગનુ કામ પણ શરૂ કરી દેવાયુ

ગાંધીનગર તા ૯

આગામી ચોમાસાને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા રોપાઓની વાવણી માટે શહેરમાં ૨૦,૮૦૦ જેટલા ખાડા ખોદવામાં આવ્યા છે. જયારે ખાડા ખોદવાની કામગીરીના અંતે હાલ રોપાઓની યોગ્ય માવજત અને રક્ષણ માટે ફેન્સીંગ કરવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. વનતંત્ર દ્વારા શહેરમાં વનઆરક્ષિત જગ્યામાં અગાઉ સિમેન્ટની થાંભલીઓ મુકવામાં આવી હતી જે હટાવીને હવે લોખંડના એંગલવાળી ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.

વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. શહેરમાં નવા રોપાઓની વાવણી માટે એડવાન્સમાં જ તંત્ર દ્વારા તૈયારી કરી દેવામાં આવે છે. આગામી ચોમાસાને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં ૨૦ હજાર જેટલા રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે રોપાઓના ઉછેર માટે તંત્ર દ્વારા વન આરક્ષિત ખાલી જગ્યામાં ખાડા ખોદવાની પ્રક્રીયા પુર્ણ કરી

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ કહે છે કોંગ્રેસના ઉમેદવારને બે થી વધુ સંતાન છે : કોંગ્રેસ કહે છે ખોટી વાત છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકાની વડોદરા બેઠક પરના ચૂંટણી જંગ માટે ભાજપના ઉમેદવારે લીધેલા વાંધાને પગલે આ બેઠકની ચકાસણી સ્થગિત કરવી પડી હતી. જેનો મોડી રાત સુધી ઉકેલ આવ્યો ન હતો.

વડોદરા બેઠક પરના ભાજપના ઉમેદવારે કોંગ્રેસના ઉમેદવારને બે થી વધુ સંતાનો હોવાની લેખિતમાં અરજી આપી વાંધો લીધો હતો. આ પછી ચૂંટણી અધિકારીએ ભાજપના ઉમેદવારને વાંધા અરજી સાથે પુરાવાઓ રજુ કરવા જણાવ્યુ હતુ.

ભાજપે આજે સાંજ સુધીમાં પુરાવા રજુ કરી સમયની માંગણી કરી હતી પરંતુ મોડી સાંજ સુધી પુરાવા રજુ નહિ કરી શક્યા હોવાનું જાણવા મળેલ છે. આ મામલો રાજ્ય ચૂંટણી પંચ સુધી પહોંચ્યો હોવાનું પણ જાણવા મળેલ છે. જેથી રાત્રે ૮ વાગ્યા સુધી આ બેઠકની ચકાસણી સંપન્ન થઈ ન હતી.

આ બેઠક માટે ત્રણ ઉમેદવારીપત્રો ભરાયા છે. જો કે કોંગ્રેસના ઉમેદવારે તેમને બે જ સંતાન છે અને બન્ને દિકરીઓ છે તેના પુરાવા રજુ કર્યા હોવાનું જાણવા મળેલ છે.

આ વિવાદને લઈ નેતાઓની અલગ અલગ બેઠકોનો દોર ચાલ્યો હતો. જો કે ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો આ મુદ્દે લડી લેવાના આક્રમક મૂડમાં છે.

# ગાંધીનગર-રાજકોટ વોલ્વો બસ સેવા બંધ કરાઈ

## યોગ્ય ટ્રાફિક ન મળતો હોવાના લીધે એસ ટી એ વોલ્વો બંધ કરી

ગાંધીનગર તા ૯

એસ ટી નિગમ દ્વારા ગાંધીનગર રાજકોટ રૂટમાં શરૂ કરાયેલી વોલ્વો બસ ટ્રાફિક ન મળતા બંધ કરી દેવામાં આવી છે. છેલ્લા ઘણાં સમયથી એસ ટી દ્વારા આ ખાસ બસ સેવા શરૂ કરવામાં આવી હતી. પરંતુ વોલ્વો બસને મુસાફરો ન મળતા હોવાથી સવાર બપોર સાંજ તેમ જુદા જુદા સમયે દોડતી વોલ્વો બસ સેવાને બંધ કરી દેવામાં આવી છે.

ગાંધીનગર પાટનગર હોવાના નાતે રાજયના વિવિધ વિસ્તારમાંથી મુલાકાતીઓ અહીં કામ અર્થે આવતા હોય છે. જયારે શહેરમાં સ્થિત જુદી જદી સરકારી કચેરીઓમાં બહારગામથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. જેને અનુલક્ષી આમ નાગરિકોન યોગ્ય મુસાફરી સેવા ઉપલબ્ધ થાય તેવા આશયથી એસ ટી નિગમ દ્વારા વિવિધ રૂટમાં બસ સેવા શરૂ કરવામાં આવે છે. ગાંધીનગરમાં રાજકોટથી આવતા મુસાફરોની સંખ્યાને ધ્યાને લઈ ગાંધીનગર રાજકોટ રૂટ વચ્ચે ગાંધીનગર ડેપોથી સવાર બપોર અને સાંજ એમ ત્રણ સમય વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી હતી. જયારે ૬ મહીનાથી વધુ સમયના અંતે આખરે આ વોલ્વો બસ સેવા બંધ કરી દેવામાં આવી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગર રાજકોટ રૂટમાં મુસાફરો ન મળતા વોલ્વો બસ સેવાને બંધ કરવાનો નિર્ણય લેવાયો હોવાનુ પણ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાત વિસરાઈ છે. જયારે મુસાફરલક્ષી સુવિધાઓના નામે પણ મીંડુ ચિતરાયેલુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. એકબાજુ મુસાફરોની સલામતી વ્યવસ્થાનો પણ અભાવ છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવાની વાત પણ અધ્ધરતાલ છે. લાંબા સમયની રજુઆતના અંતે પણ ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત થઈ નથી. જેના લીધે મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બની રહયા છે.

# જિલ્લામાં આજે નેશનલ ડી-વોર્મિંગ ડે ઉજવાશે

આજે નેશનલ ડીવોર્મિંગ ડે ની આરોગ્યતંત્ર દ્વારા ઉજવણી કરાશે. આ દિવસની ઉજવણીમાં જિલ્લાના ૧ થી ૧૯ વર્ષની આયુ ધરાવતા બાળકોને આયર્નની ગોળી આપવામાં આવશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ૩,૧૩,૨૦૧ બાળકોને આવરી લેવામાં આવશે. જેમાં દહેગામના ૭૧,૪૫૭, માણસાના ૪૭,૯૦૫, ગાંધીનગરના ૧,૦૮,૧૨૯ અને કલોલના ૮૫,૭૧૦ બાળકોનો સમાવેશ થાય છે. આ ડી વોર્મિંગ ડે ની ઉજવણીનો બીજો તબક્કો છે. આ માટે ૨૭મી ફેબ્રુઆરીએ મોપઅપ રાઉન્ડ પણ યોજવામાં આવશે. દરેક તાલુકા અને પ્રા.આ. કેન્દ્રો ખાતે આ માટે આયર્ન ટેબ્લેટનો જથ્થો પહોંચાડી દેવામાં આવ્યો છે.

# રક્તદાન - મહાદાન

## બેસણું



અમારા પિતાશ્રી **વિનોદભાઈ વી. રાજપૂત** તા.૭-૨-૧૮ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા.૧૦-૨-૧૮ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : બાલાજી મંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર**

**અનિલ વી. રાજપૂત** (વ્યવસ્થાપકશ્રી, ખાદી ગ્રામો.ભવન, ગાંધીનગર)
**દિપક વી. રાજપૂત** (G.N.F.C., PS to M.D., Bharuch)
**રાજેન્દ્રસિંહ વી. રાણા**
**કમલ વી. રાજપૂત**
**મનોજ વી. રાજપૂત**
**તથા રાજપૂત પરિવાર**

## તૃતિય પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈન્દીરા આર. શાહ**

સ્વર્ગવાસ તા. ૧૦/૨/૨૦૧૫

તમારા મિલનસાર સ્વભાવ તથા હસતા ચહેરાને લીધે, જીવન છોડી ગયા છતાં જીવતા હોવાનો ભાસ છે. જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભૂલાય નહીં. અમારા જીવનમાં જે સુંદર છે તે બધુ તમારા પ્રતાપે છે.

**પરમાત્મા આપના આત્માને સદાય શાંતિ આપે એ જ પ્રાર્થના...**

**રમણભાઈ એચ. શાહ પરિવાર**
૪૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર

# ગાંધીનગરની ડો. ઉર્વી મિસીસ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા સ્પર્ધામાં પ્રથમ સ્થાને આવી

## અમેરિકાની વર્લ્ડ વાઇલ્ડ પેજન્ટમાં પણ ઉર્વીને પાંચમુ સ્થાન : આગળ બોલીવુડમાં અક્ષયકુમાર સાથે કામ કરવાની ખેવના : પોપ આલ્બમ પણ બનાવવુ છે

ગાંધીનગર તા ૯

ઓસ્ટ્રેલિયામાં આયોજિત મિસીસ ઈન્ડીયા ઓસ્ટ્રેલિયા સ્પર્ધામાં ગાંધીનગરની ડો ઉર્વી ત્રિવેદી રાવે પ્રથમ સ્થાન મેળવી નગરને ગૌરવ અપાવ્યુ છે. ડો ઉર્વીએ ન્યુયોર્કમાં યોજાયેલી વર્લ્ડ વાઈલ્ડ પેજન્ટ માં પણ પાંચમુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ડો ઉર્વીએ આગામી દિવસોમાં બોલીવુડમાં સ્થાન મેળવી ટોઈલેટ અને પેડમેન જેવી સમાજ ઉપયોગી ફિલ્મમાં કામ કરવુ છે. આ પુર્વે તે એક પોપ આલ્બમમાં પણ કામ કરવા માંગે છે. ડો ઉર્વીને અક્ષયકુમાર સાથે કામ કરવાની તમન્ના છે.

ગાંધીનગરની ગુરુકુલ સ્કુલમાં અભ્યાસ કરીને હાલ ઓસ્ટ્રેલિયામાં ફાર્માસીસ્ટ તરીકે કામ કરતા ડો ઉર્વીએ ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી મિસીસ ઈન્ડીયા ઓસ્ટ્રેલિયા સ્પર્ધામાં ભાગ લીધો હતો. વર્ષ ૨૦૧૭



દરમિયાન યોજાયેલી આ ઈવેન્ટમાં ભારત તેમજ ઓસ્ટ્રેલિયામાંથી ૨૫ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. બોલીવુડ ફોટોગ્રાફર રાજસુરી દ્વારા આયોજિત આ સ્પર્ધામાં તેણીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ જયારે ત્યારબાદ અમેરિકાના ન્યયોર્ક ખાતે યોજાયેલી વર્લ્ડ વાઈડ પેજન્ટમાં પણ ઉર્વીએ પાંચમુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ સ્પર્ધામાં વિવિધ ૧૫ દેશના

● અનુસંધાન પાન-૭ પર

# મતદારયાદીની સુધારણા-૨૦૧૮

## મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની વધુ એક તક

**તા. ૧૧-૨-૨૦૧૮, રવિવારના રોજ ખાસ ઝુંબેશ**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા. ૧-૧-૨૦૧૮ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

**તા. ૧૧-૨-૨૦૧૮, રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ ફોર્મના નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૨-૨-૨૦૧૮**

**ખાસ ઝુંબેશના દિવસ બાદ તારીખ ૧૨-૨-૨૦૧૮ સુધીમાં આપ આપની અરજી મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાં આપી શકશો.**

**● જૂના ઓળખકાર્ડને બદલે નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવો :**

- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફવાળું **PVC** ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા / તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન નિયત ફી રૂ. ૩૦/- ભરીને આપ મેળવી શકો છો. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- **જો નવું ઓળખપત્ર નહીં લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના દ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.**

**યાદ રાખો**

**એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે. આથી જો બે જગ્યાએ નામ હોય તો હાલ જ્યાં રહેતા હોય તો જગ્યાનું નામ ચાલુ રાખી બીજી જગ્યાએ ચાલતુ નામ અવશ્ય કમી કરાવો.**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાશો**

માહિતી/૨૬૮૫/૧૭-૧૮ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

# કૃમિમુક્ત બાળક - શક્તિવાન બાળક

## ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮- રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ

૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮- મોપ અપ દિવસ

**શું આપ જાણો છો કે કૃમિ સંક્રમણથી બાળકોમાં**

- સુક્ષ્મપોષક તત્વો અને લોહીની ઉણપથી શરીરમાં અશક્તિ આવે છે.
- શારીરીક અને માનસિક વિકાસને અસર થાય છે.

**કૃમિ સંક્રમણ ને અટકાવવું સહેલું છે.**









**૧-૧૯ વર્ષનાં બધાજ બાળકોને સ્કુલ અને આંગણવાડીમાં ચાવીને ખાવાની કૃમિ નિયંત્રણ ગોળી વિના મુલ્યે આપવામાં આવશે.**

**સ્કુલ ન જતાં અને નોંધાયેલ ન હોય તેવા બાળકોને પણ આ દવા નજીકની આંગણવાડીમાં વિના મુલ્યે મળશે.**

**જિલ્લા આરોગ્ય તંત્ર, જિલ્લા પંચાયત, ગાંધીનગર**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com